# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૧ ❖ પોષ પૂર્ણિમા ❖ ૨૨ જાન્યુઆરી ૨૦૦૮ ❖ વર્ષ - ૮ ❖ અંક - ૯ ❖ સળંગ અંક - ૯૩


## ધમ્મવાણી

रोसको कदरियो च, पापिच्छो मच्छरी सठो ।
अहिरिको अनोतप्पी, तं जञ्ञा वसलो इति ॥

– सुत्तनिपात – १३३(वसलसुत्त)

જે ક્રોધી છે, કંજૂસ છે, પાપિષ્ઠ છે, ઈર્ષાળુ છે, ઠગ છે, નિર્લજ્જ છે, અસંકોચી છે એને વૃષલ (ચાંડાળ) જાણો.

## ગણરાજયની સુરક્ષા કેમ થાય ?

ભગવાન બુદ્ધના ધર્મશાસનનું પહેલું વર્ષ હતું. બોધગયામાં સમ્યક્ સંબોધિ પ્રાપ્ત કરી, વારાણસીમાં ધર્મચક્ર પ્રવર્તન કરી, પુનઃ બોધગયા થઈને ભગવાન રાજગૃહ આવ્યા. ત્યાં જ વજ્જિ ગણરાજયનો સેનાપતિ લિચ્છવી મહાલિ ભગવાનના સંપર્કમાં આવ્યો અને એમના ઉપદેશથી લાભાન્વિત થઈને એમનો પહેલો લિચ્છવી શિષ્ય બન્યો. એના કારણે થોડાક જ દિવસોમાં વૈશાલીના અનેક લિચ્છવી ભગવાનના શ્રદ્ધાળુ શિષ્યો બની ગયા.

મહાલિ સૈન્ય સંચાલનની કલામાં નિપુણ, નિષ્ણાત હતો. એ જ કારણે એ ક્ષેત્રમાં વૈશાલી સેનાનો પ્રબળ દબદબો હતો. પરંતુ થોડાક દિવસો બાદ દુર્ભાગ્યવશ એણે પોતાનાં બંને નેત્રો ખોઈ દીધાં. લિચ્છવીઓના મનમાં એના પ્રતિ અત્યંત આદરભાવ હતો. અતઃ એને પ્રધાન-સૈન્ય-પ્રશિક્ષકનું પદ દઈને તેજસ્વી લિચ્છવી યુવક 'સિંહ' ને સેનાપતિ બનાવાયો. એ દિવસોમાં સિંહ એક અન્ય ધાર્મિક આચાર્યનો પ્રમુખ શિષ્ય હતો. પરંતુ જયારે એણે જોયું કે વૈશાલીના અનેક લિચ્છવી ભગવાનના અનુયાયી થઈ ગયા છે, ત્યારે એક દિવસ કુતૂહલવશ ભગવાનને મળવા ગયો. એમની સાથે વાર્તાલાપ કરીને તે અત્યંત પ્રભાવિત થયો અને એમનો શ્રદ્ધાળુ શિષ્ય બની ગયો. ભગવાનનો શિષ્ય બની ગયા પછી પણ મહાલિની માફક સિંહ સેનાપતિએ પણ સેનાપતિત્વના ઉત્તરદાયિત્વને કુશળતાપૂર્વક નિભાવવામાં કોઈ કસર ન રાખી. ભગવાન પોતાના ગૃહસ્થ શિષ્યોને એમની પારિવારિક, સામાજિક અને શાસકીય જવાબદારીઓથી વિમુખ થવાનું નહોતા શીખવતા. બલ્કે એમાં અધિક કુશળતા પ્રાપ્ત કરવાને માટે પ્રોત્સાહિત કરતા હતા.

એક વાર ભગવાન વૈશાલી આવ્યા અને ત્યાંના સારંદદ ચૈત્યમાં ઊતર્યા. ત્યારે ઘણા બધા લિચ્છવી ભગવાનને મળવા આવ્યા. એમનું અભિવાદન કરીને એક બાજુ બેસી ગયા. વૈશાલી ગણરાજયની ખુશાલી પર આસપાસનાં રાજયોને બહુ ઈર્ષા થતી હતી. આ કારણે વૈશાલી પર આક્રમણ થવાનો ખતરો સતત રહેતો. ભગવાન આ સચ્ચાઈને ખૂબ સમજતા હતા. મગધ અને વૈશાલીના પરસ્પર મનભેદથી પણ તેઓ અજાણ ન હતા. તેઓ સ્વયં શાક્ય ગણરાજયમાં જન્મ્યા અને ઊછર્યા હતા. ગણરાજયની ખૂબીઓ અને ખામીઓને સારી રીતે સમજતા હતા. અતઃ એમણે વજ્જિ ગણરાજયની સુરક્ષા ને માટે લિચ્છવીઓને સાત વ્યાવહારિક ઉપદેશ આપ્યા અને કહ્યું કે એનું પાલન કરતાં રહેવાથી તેઓ સદા અજેય રહેશે. એ ઉપદેશ હતા :

(૧) લિચ્છવીઓ ! જયાં સુધી વજ્જિ એકતા ચાલુ રાખીને વારંવાર એકઠા મળતા રહેશે, ત્યાં સુધી તેઓ અજેય રહેશે.

વજ્જિ ગણરાજયના સાંસદ (કે જે રાજા કહેવાતા), સંસદભવનમાં (જેને સંથાગાર કહેતા), વારંવાર એકત્ર થઈને દેશની સુરક્ષા પર વિચાર-વિમર્શ કરતા રહો. પ્રમાદવશ આવું ન કરવાથી સીમાપારના દુશ્મનોને આક્રમણનો મોકો મળે છે. સાંસદોને બેખબર જોઈને તેઓ ચોરની માફક જનપદમાં ઘૂસણખોરી કરીને લૂંટફાટ કરવા લાગે છે. પરંતુ જયારે સાંસદ સજાગ રહે છે તો દેશમાં થયેલી ઘૂસણખોરીની ખબર સાંભળતાં જ ત્યાં તત્કાળ પોતાનું સૈન્યબળ મોકલીને શત્રુનું મર્દન કરે છે. – ततो बलं पेसेत्वा अमित्तमद्दनं करोन्ति । ત્યારે દુશ્મન સમજી જાય છે કે – न सक्का अम्हेहि वग्गबन्धेहि विचरितुन्ति । આપણે અહીં વર્ગબદ્ધ (એકીસાથે) વિચરણ નહીં કરી શકીએ. પરિણામે તેઓ भिज्जित्वा – આમતેમ વિખેરાઈને पलायन्ति – પલાયન કરી જાય છે.

(૨) લિચ્છવીઓ ! જયાં સુધી વજ્જિ એકમત થઈને બેસતા રહેશે, એકમત થઈને ઊઠતા રહેશે, અને એકમત થઈને જે કરણીય છે એ કરતાં રહેશે, ત્યાં સુધી તેઓ અજેય રહેશે.

કોઈ સંકટની ઘડીમાં જયારે આહ્વાનની ભેરી વાગે તો પ્રત્યેક સાંસદ તુરંત સંસદભવન પહોંચી જાય. જો કોઈ ભોજન કરી રહ્યો હોય તો એને અધૂરું છોડીને અને જો વસ્ત્રાલંકારથી સજીધજી રહ્યો હોય તો એને પણ છોડીને જેમ તેમ વસ્ત્રો પહેરીને તત્કાળ સંસદભવન પહોંચી જાય. ત્યાં બધાં એકી સાથે મળી હળીને પારસ્પરિક ચિંતન-મનન અને વિચાર-વિમર્શ કરીને જે ફેંસલો કરે, તે સર્વસંમતિથી થાય. આમ બધા એકમત થઈને ઊઠે. ત્યારબાદ જે કરણીય છે તે પણ એકીસાથે

રહીને પૂરું કરે. મતભેદ હશે, અંદરોઅંદર વિખવાદ હશે તો દુશ્મનનો સામનો કરવો કપરો થઇ જશે.

રાષ્ટ્રની રક્ષાને માટે આખા રાષ્ટ્રમાં ઉત્સાહ જગવો. જયારે રાજય તરફથી ઘોષણા થાય કે – असुकद्वानेसु गामसीमा वा निगमसीमा वा એટલે કે અમુક સ્થાન પર, ગામની કે નિગમની સીમા પર દુશ્મનો ચઢી આવ્યા છે અને પ્રજાને એમ પૂછવામાં આવે કે – को गत्वा इमं अमित्तमद्दनं करिस्सति - કોણ ત્યાં જઇને અમિત્ર-મર્દન કરશે ? ત્યારે अहं पठमं, अहं पठमं -''પહેલાં હું, પહેલાં હું'' ના વીર-ધ્વનિથી આખું ગણરાજય ગૂંજી ઊઠે. દેશ પર સંકટ આવતાં સઘળા દેશવાસી એની સુરક્ષામાં સામેલ થવામાં પોતાનું કર્તવ્ય સમજે. આ જ વજ્જિઓનું કરણીય કર્તવ્ય છે. એને પૂરું કરવામાં કદાપિ ન ચૂકો.

(૩) લિચ્છવીઓ ! જયાં સુધી વજ્જિ પોતાના પરંપરાગત રાજય-વિધાન અને ન્યાયસંહિતાનું અતિક્રમણ નહિ કરે, ત્યાં સુધી તેઓ અજેય રહેશે.

નિયમાનુસાર પ્રજા પાસેથી જે કર લેવાનો નિશ્ચિત છે એને કોઇ સાંસદ પોતાના ક્ષેત્રમાં પોતાનું ધાર્યું કરીને વધારી દે અથવા જે કર નહિ લેવાવો જોઇએ એને જબરદસ્તીથી લાગૂ કરી દે તો એ વિધાનનું અતિક્રમણ થશે. આનાથી અસંતોષ ફેલાશે. અસંતુષ્ટ પ્રજા સંકટના સમયે સહયોગ નહિ આપે.

અથવા કોઇ સાંસદ પક્ષપાત કરીને પોતાના ક્ષેત્રમાંથી કર વસૂલ જ ન કરે તો પરિણામે રાજયકોષ ક્ષીણ થઇ જશે. સેનાને આવશ્યક આયુધ નહિ પ્રાપ્ત થઇ શકે. સમય પર વેતન નહિ મળે તો સૈન્યબળ ક્ષીણ થઇ જશે.

ન્યાયપાલિકાની પુરાણી દંડસંહિતાનું પણ કદાપિ ઉલ્લંઘન ન થાય. દંડસંહિતા અનુસાર અપરાધના સંદેહમાં પકડાએલ વ્યકિતને સાત સ્તર સુધી અપીલ કરવાનો અધિકાર છે. એ ક્રમશઃ મહામાત્ય, વ્યાવહારિક, સૂત્રધર, અષ્ટકુલિક, સેનાપતિ, ઉપરાજા અને રાજા સુધી અપીલ કરી શકે છે. આ અપીલોમાં કોઇ સ્તર પર પણ નિરપરાધ સાબિત થતાં મુકત કરાય છે. જો અંતે અપરાધી સાબિત થાય તો દંડિત કરાય છે. આ રીતે દંડિત થાય તો અપરાધી અને એના પરિવાર તથા સમાજના લોકો અપ્રસન્ન નહિ થાય. પરંતુ અપીલ કરવાનો અવસર ન દઇને દંડિત કરી દેવાય તો ન્યાયસંહિતાનું ઉલ્લંઘન થશે, લોકો અપ્રસન્ન થશે. સંકટના સમયે શત્રુનો મુકાબલો કરવામાં પૂરો સહયોગ નહિ દે. જો ન્યાયસંહિતાનું જરા પણ ઉલ્લંઘન કર્યા વિના શાસન ચલાવાય તો પ્રજા પ્રસન્ન રહેશે, દેશની સુરક્ષામાં સહર્ષ ભાગીદાર બનશે. એટલે સંવિધાન અક્ષુણ્ણ રાખવું આવશ્યક છે.

(૪) લિચ્છવીઓ ! જયાં સુધી વજ્જિ વયોવૃદ્ધોને આદર-સત્કાર, સન્માન-પૂજન અને ગૌરવ પ્રદાન કરતા રહેશે, એમના કથન પર ધ્યાન દેતા રહેશે, ત્યાં સુધી તેઓ અજેય રહેશે.

દેશના અનુભવવૃદ્ધ, વયોવૃદ્ધ, નિવૃત્ત સાંસદોનું માન-સન્માન ચાલુ રહેશે, એમની ઉપેક્ષા નહિ કરાય તો શાસન-સંબંધી અથવા સુરક્ષા-સંબંધી એમના લાંબા અનુભવોનો લાભ મળતો રહેશે. સંકટના સમયે એમણે કઇ રીતે સંગઠિત થઇને દેશને બચાવ્યો, રણભૂમિમાં કેવી રીતે સૈન્યવ્યૂહોની રચના કરી અને શત્રુઓના વ્યૂહોનો કઇ રીતે ધ્વંસ કર્યો; એમની અનુભવજન્ય સૂઝથી ગણરાજયની સુરક્ષા દ્દઢ રાખી શકાશે. એમની અવહેલના થશે તો એમના દીર્ઘકાલીન અનુભવોના લાભથી રાષ્ટ્ર વંચિત રહી જશે.

(૫) લિચ્છવીઓ ! જયાં સુધી વજ્જિ પ્રજાની વહુ દીકરીઓને ઉચિત સંરક્ષણ આપતા રહેશે, કોઇનું અપહરણ નહિ કરે, ત્યાં સુધી તેઓ અજેય રહેશે.

સત્તાનો મદ બહુ પ્રબળ હોય છે. કોઇ સાંસદ મદમત્ત થઇને પારકી વહુ- દીકરીઓ પર અત્યાચાર કરે તો એના પરિવારના લોકો દુઃખી થઇને રાજયદ્રોહી થઇ જશે. જયારે દેશ પર આક્રમણ થશે ત્યારે અન્યાયનો બદલો લેવાને માટે તેઓ શત્રુ સાથે મળી જશે અને દેશની બરબાદીમાં સહાયક બની જશે. સાંસદ દુરાચારથી દૂર રહેશે તો દેશની સુરક્ષા ખતરામાં નહિ પડે.

(૬) લિચ્છવીઓ ! જયાં સુધી વજ્જિ રાજનગરીની ભીતર અને બહાર જેટલા પણ ચૈત્ય છે, દેવસ્થાન છે એનું માન-સન્માન કરતા રહેશે, રાજય તરફથી એમને જે આર્થિક અનુદાન મળી રહ્યું છે, એને ચાલુ રાખશે તો તેઓ અજેય રહેશે.

આજની માફક એ દિવસોમાં પણ દેશમાં અનેક સંપ્રદાયો હતા, એના પોતપોતાના ચૈત્ય-ચબૂતરા હતા, દેવસ્થાન હતાં. સમજદાર રાજય એ બધાંને પ્રસન્ન રાખે, સંતુષ્ટ રાખે તે જરૂરી છે. દુર્વ્યવહાર કરીને એમને દેશદ્રોહી ન બનાવી લે. એમનાં દેવસ્થાનોને પૂરું સંરક્ષણ પ્રદાન કરે. રાજય તરફથી એમને જે અનુદાન મળતું હોય એને કદાપિ બંધ ન કરે. અન્યથા, એ દેવસ્થાનોના દેવ જ કુપિત નહિ થાય, એમનાથી અધિક ખતરનાક વાત એ હશે કે એના પૂજક-ઉપાસક રાજદ્રોહી અને દેશદ્રોહી થઇ જશે. સંકટના સમયે આક્રમણકારી શત્રુઓ સાથે મળી જશે. અતઃ એમને સમુચિત સંરક્ષણ આપવું એ રાજયની સુરક્ષાને માટે આવશ્યક છે.

(૭) લિચ્છવીઓ ! જયાં સુધી વજ્જિ સંતો, અરહંતોને માટે સુરક્ષાની વ્યવસ્થા ચાલુ રાખશે ત્યાં સુધી તેઓ અજેય રહેશે.

જે દેશમાં સંતો-અરહંતોનો આદર થવો તો દૂર, બલ્કે એના પર હાથ ઉપાડાતો હોય, એમને સુખ-શાંતિપૂર્વક વિહાર કરવા દેવામાં ન આવતો હોય, એ દેશમાં બહારથી સંત-અરહંત આવવાનું બંધ કરી દે છે અને જે છે તે દેશ છોડીને ચાલ્યા જાય છે. આથી લોકો સત્યધર્મના ઉપદેશોથી વંચિત રહી જાય છે, સદાચારવિહીન થતા જાય છે. દુરાચાર વધતો જાય છે, સુખ-શાંતિ અને સૌહાર્દ (સહૃદયતા) નષ્ટ થતાં જાય છે. ચારિત્રવાન લોકોના અભાવમાં દેશ દુર્બળ બનતો જાય છે. અતઃ સંત-અરહંતોની સુરક્ષા સદા આવશ્યક છે.

ભગવાને વજ્જિ ગણરાજયની સુરક્ષાના હિતમાં આ સપ્તાંગિક ઉપદેશ દઇને કહ્યું કે વજ્જિ ગણ જયાં સુધી આનું પાલન કરતા રહેશે ત્યાં સુધી અજેય જ રહેશે અને ખરેખર આ બધા ઉપદેશોનું પાલન કરતાં કરતાં વજ્જિ ગણરાજય લાંબા સમય સુધી અજેય રહ્યું. (ક્રમશઃ)

# સાધકોના પ્રશ્નો : ગુરુજીના ઉત્તરો

**પ્રશ્ન - ૧ : વ્યવસાયીઓ પાસે સમય ઓછો હોય છે - તો એ લોકો કેવી રીતે વિપશ્યનાનો અભ્યાસ કરી શકે ?**

ઉત્તર : (ખરેખર તો) વ્યવસાયીઓ માટે સાધના વધારે મહત્ત્વની છે. જેઓ ગૃહસ્થી છે, જેમને જીવનની જવાબદારીઓ ઉપાડવાની છે, તેમને વિપશ્યનાની ઘણી જ વધારે જરૂર છે. કારણ ચડતી-પડતીથી ભરેલી જિંદગીમાં તેમને અનેક પ્રકારની પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. આ વિષમ પરિસ્થિતિઓના કારણે તેઓ વ્યથિત - વ્યાકુળ બની જતા હોય છે. જો તેઓ વિપશ્યના શીખે, તો તેઓ જિંદગીનો (તેની વિષમતાઓનો) સામનો વધુ સારી રીતે કરી શકશે. એટલું જ નહિ, સારા નિર્ણયો લઈ શકશે, સાચા નિર્ણયો લઈ શકશે, જે તેમને ખૂબ મદદરૂપ બનશે.

**પ્રશ્ન - ૨ : શું અમે બે કે વધુ સાધના પદ્ધતિઓને એકબીજા સાથે જોડી શકીએ ?**

ઉત્તર : તમારે જેટલી સાધના -પધ્ધતિઓને જોડવી હોય તેટલી જોડી શકો છો, પણ વિપશ્યના સાથે તેમને જોડતા નહીં. વિપશ્યના એક અ-જોડ અનોખી સાધના પધ્ધતિ છે. તેને બીજા કશા સાથે જોડવાથી એ તમને લાભ નહિ કરે, બલ્કે હાનિ કરી શકે છે. વિપશ્યનાને શુધ્ધ જ રાખો. બીજી પધ્ધતિઓ મનના ઉપર-ઉપરના સ્તર પર એક આછું - પાતળું આવરણ છાવરી દે છે. રંગ-રોગાન ચડાવી દે છે. જ્યારે વિપશ્યના તો મનનું ઊંડું ઓપરેશન કરે છે અને મનના ઊંડાણમાંથી ગ્રંથિઓને બહાર કાઢે છે, તો (સમજ જો કે) તમે એવી રમત રમી રહ્યા છો, જે તમને નુકશાનકારક પુરવાર થઈ શકે.

**પ્રશ્ન - ૩ : જગતને ભૂલી જઈ, આખો દિવસ બેસી રહો અને સાધના કર્યા કરો એ શું સ્વાર્થીપણું નથી.**

ઉત્તર : મનને તંદુરસ્ત-સ્વસ્થ કરવા સાધનાનો ઉપયોગ કરવો એમાં સ્વાર્થીપણું નથી. જ્યારે તમારું શરીર માંદું પડે છે. ત્યારે સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા તમે હોસ્પિટલમાં દાખલ થાઓ છો. ત્યારે તમે એમ નથી કહેતા, ''અરે રે, હું કેવો સ્વાર્થી !'' - તમે જાણો છો કે માંદા કે જખમી થયેલા શરીરથી ઠીક રીતે જીવી શકાય નહીં; વળી, માણસ પોતાના શરીરને વધુ બળવાન બનાવવા વ્યાયામશાળામાં પણ જાય છે. તેવી રીતે માણસ પોતાના મનને સ્વસ્થ કરવા સાધના કેન્દ્ર પર જાય છે, કંઈ આખી જિંદગી ત્યાં રહેવા માટે નહીં. રોજ-બરોજનું જીવન પોતાના માટે, તેમ જ અન્ય માટે સારી રીતે જીવી શકે તે માટે તંદુરસ્ત-સ્વસ્થ મન સૌથી વધુ જરૂરનું છે.

**પ્રશ્ન - ૪ : જીવનનું અંતિમ લક્ષ્ય શું છે ?**

**ઉત્તર :** અંતિમ જીવન, અંતિમ લક્ષ્ય અહીં જ, અત્યારે છે. જો તમે કંઈક પ્રાપ્ત કરવા માટે, ભવિષ્ય પર નજર રાખી બેઠા છો, અને અત્યારે - વર્તમાનમાં કંઈ જ પ્રાપ્ત કરતા નથી, તો આ એક ભ્રાન્તિ છે. પણ, જો તમે અત્યારે - વર્તમાનમાં સુખ - શાંતિ અનુભવવી શરૂ કરી દીધી, તો પૂરેપૂરી શક્યતા છે કે તમે લક્ષ્ય સુધી પહોંચી જશો. જે, બીજું કંઈ નહિ પણ, સાચી સુખ - શાંતિ છે. માટે અત્યારે જ અનુભવ કરો, આ ક્ષણે. તો જ તમે ખરેખર સાચા માર્ગે છો.

**પ્રશ્ન જો આપણે, આપણું પોતાનું જ નિરીક્ષણ કરતા રહીશું, તો સહજ રીતે-સ્વભાવિક પણે કેવી રીતે જીવન જીવી શકીશું ?**

ઉત્તર આપણે પોતાનું જ નિરીક્ષણ કરતા રહેવામાં જો ખોવાઈ જઈશું, તો આપમેળે, સહજ-સ્ફૂરણાથી કામ કરી શકીશું નહીં - વિપશ્યના શિબિર કરી લીધા પછી લોકોને આવું લાગતું નથી. અહીં તમે તમારા મનને કેળવતાં શીખો છો. જેનાથી તમે તમારા રોજિંદા જીવનમાં જ્યારે પણ જરૂર પડે ત્યારે તમારી અંદર નિરીક્ષણ કરી શકવાનું સામર્થ્ય પ્રાપ્ત કરો છો. એવું નથી કે આખી જીંદગી આંખો બંધ રાખી તમે બસ સાધના જ કરતા રહો. જેવી રીતે કસરતો કરીને તમે જે શારીરિક બળ પ્રાપ્ત કરો છો, તે તમને રોજના જીવનમાં ઉપયોગી થાય છે, તેવી રીતે આ મનની કસરત છે, જે તમારા મનને સબળ બનાવશે. તમે જેને મુક્ત, સહજ-સ્ફૂરિત ક્રિયાશીલતા કહો છો, એ હકીકતમાં તો અંધ-પ્રતિક્રિયા છે - જે હંમેશ હાનિકારક બને છે. પોતાનું નિરીક્ષણ કરતાં શીખીને તમે જોશો, કે જ્યારે પણ જીવનમાં મુશ્કેલ પરિસ્થિતિ ઉભી થશે, ત્યારે તમે તમારા મનનું સંતુલન જાળવી શકશો. પછી એ સંતુલન થકી તમે મુક્તપણે - સહજ રીતે નક્કી કરી શકશો કે શું સાચાં પગલાં લેવા - સાચી રીતે સક્રિય કેમ બનવું - જે હંમેશ તમારા માટે તેમજ બીજાં બધાં માટે હિતકારક હશે.

## આગામી વિપશ્યના શિબિરો અંગેની માહિતી

### ધમ્મકોટ
**ફોન : 0281 - 2782040 M. : 9327923540**

06 to 17-02-08, 20 to 02-03-08, 05 to 16-03-08, 19 to 30-03-08

:: ફક્ત જૂના સાધકો માટે ::

**૧૦ દિવસીય ગંભીર શિબિર :** 06 to 17-02-08

**સતિપટ્ઠાન શિબિર :** 21 to 29-3-08

**એક દિવસીય શિબિર :** દર મહિનાના પહેલા રવિવારે કેન્દ્ર ઉપર અને દર મહિનાના બીજા રવિવારે રાજકોટ શહેરમાં

:: રાજકોટ સિટી ઓફિસ ::

C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧. ફોન : 0281 - 2220861-866, M.: 94272 21591, 94262 02222

### ધમ્મસિંધુ
**ફોન : (02834) 273303, 273612**

:: ૧૦ દિવસીય શિબિરોની માહિતી ::

27 to 07-02-08, 10 to 21-02-08, 24 to 06-03-08

:: ફક્ત જૂના સાધકો માટે ::

**સતિપટ્ઠાન શિબિર :** 10 to 18-02-08

**ગંભીર સાધકો માટે ૨૦ - ૩૦ દિવસીય શિબિર :**

**૨૦ દિવસ :** 09 to 30-03-08,

**૩૦ દિવસ :** 09-03 to 09-04-08

એક દિવસીય શિબિર : દર મહિનાના પહેલા રવિવારે ૧૦.૩૦ થી ૫.૩૦ 'બાડા કેન્દ્ર'

### ધમ્મપીઠ - અમદાવાદ
**ફોન : 02714 - 294890, M. 94264 19397**

:: ૧૦ દિવસીય શિબિરોની માહિતી ::

16 to 27-01-08, 06 to 17-02-08, 20 to 02-03-08, 05 to 16-03-08

**ફક્ત જૂના સાધકો માટે**

**સતિપટ્ઠાન શિબિર :** 22 to 30-03-08

**અમદાવાદ સીટી ઓફીસ :-** ઈશ્વરભુવન, કોમર્સ કોલેજ પાસે, નવરંગપુરા, અમદાવાદ- ૩૮૦૦૦૯ M. 9898010307

**ફક્ત જૂના સાધકો માટે એક દિવસીય શિબિર :** દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં.

### ધમ્મદિવાકર - મહેસાણા
**ફોન : (02762) 272500, 253315**

:: ૧૦ દિવસીય શિબિરોની માહિતી ::

02 to 13-01-08, 30 to 10-02-08

સામૂહિક સાધના : ૨-ઉર્વશી બંગલો, રામોસણા જકાતનાકા, દર ગુરુવારે સવારે ૬ થી ૭, સંપર્ક : ઉપેન્દ્રકુમાર પટેલ M. 9376353315, 02762 - 253315

**ધ્રાંગધ્રા-હળવદ માટે ૧૯ થી ૩૦ માર્ચ-૨૦૦૮ દરમ્યાન સ્પે. શિબિર.**
**સુરેન્દ્રનગર-વિરમગામ માટે ૨ થી ૧૩ એપ્રિલ-૨૦૦૮ શિબિર.**
**સંપર્ક સ્થાનો હવે પછીની પત્રીકામાં જાહેર કરવામાં આવશે.**

## ધમ્મકોટ (રાજકોટ) કેન્દ્રની પ્રગતિ

હાલમાં સાધકોની સંખ્યા ખૂબ વધી રહી છે એટલે નવા નિવાસ સ્થાન બનાવવાની જરૂરીયાત ઉભી થઈ છે. પુરૂષો માટે ૧૪ તથા મહિલાઓ માટે ૮ નિવાસ સ્થાન બનાવવાની યોજના છે. દરેક નિવાસ સ્થાનનો અંદાજીત ખર્ચ રૂા. ૭૫,૦૦૦ (પંચોતેર હજાર) આવશે તેમજ મીની ધમ્મહોલને વધારવા માટે નીચે રૂા. ૪,૦૦,૦૦૦ (ચાર લાખ) તથા ઉપર રૂા. ૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ) નો ખર્ચ થશે. જે સાધક-સાધિકાઓ આ પૂણ્યકાર્યમાં ભાગીદાર બનવા ઈચ્છે તે કેન્દ્રનો સંપર્ક કરી શકે છે. (કેન્દ્રનું દાન આવકવેરા ૮૦-જી અંતર્ગત છુટને માન્ય છે.)

## જુનાગઢના સાધકો માટે શિબિરની સ્પે. વ્યવસ્થા તેમજ સંમેલન

જુનાગઢ જીલ્લાના સાધક ભાઈ-બહેનો માટે ૧૦ દિવસીય શિબિરની સ્પેશ્યલ ધમ્મકોટ કેન્દ્ર ખાતે વ્યવસ્થા રાખેલ છે. તા. ૨૦ ફેબ્રુઆરી થી ૨ માર્ચ કેન્દ્ર પર આવવા-જવાની વાહનની સીધી વ્યવસ્થા કરવામાં આવશે.

તેમજ વિપશ્યના પરિચય માટે એક સંમેલન પણ ગોઠવવામાં આવ્યું છે. સંમેલનની તારીખ ૨૭ જાન્યુઆરી ને રવિવારે જુના સાધકો માટે સવારે ૮ થી ૯ સમુહ સાધના, ૯ થી ૧૦ પ્રશ્નોત્તરી અને ૧૦ થી ૧૧ નવા ભાઈ-બહેનો માટે વિપશ્યના પરિચય.

**સ્થળ :-** સરસ્વતિ હેડગોવર સ્કુલ, દ્વારકાપુરી રોડ, સરદાર બાગ, જુનાગઢ.

ઉપરોક્ત સ્થાને દર રવિવારે સવારે ૮.૦૦ થી ૯.૦૦ જુના સાધકો માટે સમૂહ સાધનાનું આયોજન હોય છે. ઉપરોક્ત સંમેલન અને શિબિર માટે વધુ માહિતી મેળવવા નીચેના ધમ્મ સેવકોનો સંપર્ક સાધી શકો છો.

- રતિભાઈ પરમાર : મો. ૯૪૨૬૯૨૨૨૭૪
- જીવણભાઈ વાંજા : ફોન : ૦૨૮૯-૨૬૭૦૭૦૧
- રમેશભાઈ સાવલીયા : મો. ૯૪૨૮૭૦૫૮૪૩
- રમણીકભાઈ કવા : મો. ૯૪૨૭૨ ૦૫૪૦૫
- રૂપલબેન મશરૂ : મો. ૯૪૨૬૧ ૬૫૭૭૬
- પુષ્પાબેન માંકડીયા : મો. ૯૪૨૮૦ ૧૫૦૮૪
- ચંદ્રિકાબેન ચુડાસમા : મો. ૯૪૨૭૧ ૮૪૯૯૭

### દોહા ધરમના

અપના ભી પાલન કરે, પાલે નિજ પરિવાર ।
ઔરોં કા પાલન કરે, ગૃહી ધર્મ કા સાર ॥

અપની સંપદ કી સદા, રક્ષા કરે સચેત ।
પર ઔરોં કા કણ કભી, દાબે નહીં અચેત ॥

સંગ્રહ હી સંગ્રહ કરે, કરે ન કિંચિત ત્યાગ ।
ઉસ ગૃહપતિ કો સુખ કહાં, જિસકા છુટા ન રાગ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગળકામનાઓ સાથે

### દોહા ધરમના

દમન ઔર અન્યાય કા, કરે પ્રબલ પ્રતિકાર ।
પર અન્યાયી કે લિયે, રહે હૃદય મેં પ્યાર ॥

સંપદ્-મીત અનેક હૈ, વિપદ્-મીત સો મીત ।
સ્વજન પરાયે કી સદા, વિપદા પરખે પ્રીત ॥

અર્જિત સંપત્તિ કા સદા, સમુચિત હો ઉપયોગ ।
તો ગૃહપતિ કા સુખ બઢે, બઢે નહીં ભવ રોગ ॥

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગળકામનાઓ સાથે

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન: નાઈસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧ ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

વિપશ્યના ૨૨ જાન્યુઆરી, ૨૦૦૮

આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઇગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

| | |
|---|---|
| **ચાર વર્ષનું લવાજમ** | **: રૂ. ૧૦૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **: રૂ. ૩૦/-** |

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
3-A, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે,
માલવિયા ચોક, રાજકોટ. ફોન : ૨૨૩૩૧૯૦
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org